ક્રમાંકઃજીઆઇડીસી/ઇએનજી/જા.આ./૧૫
જીઆઇડીસી, ગાંધીનગર
તારીખઃ૧૮/૦૫/૨૦૧૫

# //પરિપત્ર //

વિષયઃ- નિગમની ઔદ્યોગિક વસાહત બહારના ઉદ્યોગોના ગંદા પાણી (effluent) માટે ભૂગર્ભ ગટર વ્યવસ્થાના જોડાણ અન્વયે ડ્રેનેજ સેસની વસૂલાત માટેની નીતિ નકકી કરવા બાબત.

નિગમના પ્રસ્થાપિત નિયમો અન્વયે ભૂગર્ભ ગટર વ્યવસ્થાની માળખાકીય સુવિધાઓ સામાન્ય રીતે વસાહતમાં આવેલા એકમો માટે ઉભી કરવામાં આવે છે. પરંતુ જો વસાહતની બહાર આવેલા એકમો ધ્વારા માંગણી કરવામાં આવે તો ચોકકસ શરતોએ બહારના એકમોને પણ ભૂગર્ભ ગટર જોડાણ આપવાની નિગમની નીતિ છે. નિગમની ૪૭૮ મી સભામાં મંજુરી મળ્યા મુજબ વસાહતની બહારના એકમો કે જેને ભૂગર્ભ ગટરનું જોડાણ મંજુર કરવામાં આવેલ હોય તેમના માટે ડ્રેનેજ સ્કીમના મરામત અને નિભાવણીના ખર્ચ વસુલ કરવા માટે ડ્રેનેજ સેસ અંગે નીચે મુજબ નીતિ નકકી કરવામાં આવેલ છે.

<u>નિર્ણયઃ-</u>

(અ) નિગમની વસાહતમાં આવેલા એકમો અંગેની હાલની ખર્ચ આધારિત નીતિ મુજબ જ ડ્રેનેજ સેસ લેવામાં આવશે, આ એકમો માટે કોઇ ફેરફાર કરવાની દરખાસ્ત નથી.

(બ) નિગમની વસાહતની બહાર આવેલા એકમો માટે નીચે મુજબની નીતિ નકકી કરવાની દરખાસ્ત છે.

(૧) નિગમની વસાહત બહારના તમામ SIR, PCPIR, સાણંદ (બોલ) ૨ જેવા વિસ્તારો કે જયાં માળખાકીય સુવિધા પૂરી પાડવા જીઆઇડીસીની પ્રમુખ ભૂમિકા હોય ત્યાં વસાહતની બહારના ઉદ્યોગો માટે વસાહતની અંદરના ઉદ્યોગોનો જે રીતે ડ્રેનેજ સેસ લેવાય છે તેટલો જ ડ્રેનેજ સેસ વસુલ કરવામાં આવશે.

(૨) રાજય સરકાર ધ્વારા સહાયિત તથા સ્ટેટ સપોર્ટ એગ્રીમેન્ટ મારફત રચાયેલ પ્રોજેકટો માટે તેઓ વસાહતની બહાર હોય તો પણ વસાહતના ઉદ્યોગોનો જે ડ્રેનેજ સેસ લેવાય તેટલો જ ડ્રેનેજ સેસ વસુલ કરવાનો રહેશે.

(૩) ઉપરોકત બ(૧) અને બ(૨) માં આવરી લેવાયા હોય તે સિવાયના વસાહતની બહાર આવેલા એકમો પાસેથી ભૂગર્ભ ગટર યોજનાના પ્રવર્તમાન નિયમો મુજબ વસાહતની અંદર આવેલા એકમોના ડ્રેનેજ સેસનો બે ગણો ચાર્જ (ડ્રેનેજ સેસ) લેવાનો રહેશે.

(૪) ઉપરોકત બ(૧) થી (૩) મુજબ છોડવા પાત્ર ગંદા પાણી (Effluent) નો જથ્થો જી.પી.સી.બી. ધ્વારા પરવાનગી (NOC)/CCA માં જણાવેલ જથ્થાની મર્યાદામાં જ હોવો જરૂરી છે. તે પ્રમાણે જ ડ્રેનેજ કનેકશન આપવામાં આવશે અને તે મુજબ ડ્રેનેજ સેસ બ(૧) થી (૩) મુજબ વસુલ કરવામાં આવશે.

(ક) વસાહતની બહારના એકમો ધ્વારા જી.પી.સી.બી. ના ધારાધોરણ મુજબનું Effluent સ્વીકારવામાં આવશે અને કોઇપણ પ્રકારના Default ના કિસ્સામાં ડ્રેનેજ કનેકશન કાપી નાંખવામાં આવશે.

(ડ) વસાહત બહારના એકમોને નિગમના સક્ષમ અધિકારી ધ્વારા નકકી કરેલ જગ્યાએ ડ્રેનેજ કનેકશન આપવાનું રહેશે. તથા તેઓએ સ્વ ખર્ચે પોતાના એકમથી નિગમ ધ્વારા બતાવેલ જગ્યા સુધી તેમના પ્લોટથી પાઇપલાઇન નાંખવાની રહેશે.

(ઇ) વસાહત બહારના એકમોએ નિગમે સૂચવ્યા મુજબના સ્થળે TOC મીટર અને Flow meter મુકવાના રહેશે જેથી Pollutants ની માત્રા માપી શકાય તથા ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ/સીઇટીપી કંપની ધ્વારા ગંદા પાણી (effluent) નું નીરિક્ષણ તથા ચકાસણી કરવામાં આવશે. જો Pollutants ની માત્રા જીપીસીબી ની NOC/CCA કરતાં વધુ પ્રમાણમાં હશે તો તૂર્તજ ડ્રેનેજ કનેકશન બંધ કરવામાં આવશે.

(એફ) નિગમની વસાહત બહારના એકમો, તેમને પરવાનગી આપેલ છોડવા પાત્ર ગંદા પાણી (effluent) ના જથ્થામાં અન્ય એકમનો ગંદા પાણી (effluent) નો જથ્થો નિગમની પરવાનગી વિના છોડી શકશે નહીં. ગંદા પાણી (effluent) જથ્થામાં વધારો/ઘટાડો કરવાનો તેમજ ફાજલ ગંદા પાણી (effluent) ની યોજનાની ક્ષમતાની વૈકલ્પિક ફાળવણી કરવાનો અબાધિત હકક નિગમનો રહેશે. ગંદા પાણી (effluent) છોડવા અંગે અલાયદો સમજુતી કરાર કરવાનો રહેશે.

(જી) આ અગાઉ લેવાયેલા નિર્ણયોને આ બાબત લાગુ પડશે નહિં.

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રી
જીઆઇડીસી, ગાંધીનગર

પ્રતિ,

- નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ.
- પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન તરફ જાણ માટે.

રવાના કર્યું:-
૧૮/૬/૧૫
કાર્યપાલક નિયામક (ઇ એન્ડ. એ)
જીઆઇડીસી, ગાંધીનગર.